# ડીસા રામમંદિર ટોકીજ પાસે ટ્રકની ટક્કરે મોટર સાયકલ પર સવાર એકનું મોત



ડીસા, તા. ૯

ડીસાની રાજમંદિર ટોકીજ પાસે આજે સવારે ૭ કલાક આસપાસ માતેલા સાંઢ જેવી અને રોંગ સાઈડથી આવેલી એક ટ્રકના ચાલકે સામેથી આવતા એક મોટર સાયકલને અડફેટે લઈ ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં મોટર સાયકલ પર સવાર એકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયું હતું. જ્યારે એકને ગંભીર પ્રકારની ઈજાઓ થઈ હતી.

આ ઘટનાની વિગતો જોઈએ તો આજે વહેલી સવારે હાઈવે વિસ્તારમાં આવેલી રાજમંદિર ટોકીજ પાસેથી બે મોટર સાઈકલ સવારો ડીસાથી પાલનપુર તરફ જઈ રહ્યા હતા. જો કે તેવા જ સમયે રોંગ સાઈડમાંથી આવેલા એક ટ્રકનાચાલકે ગફલત ભર્યા ડ્રાઈવીંગે સામેથી આવતી મોટરસાયકલને જોરદાર ટક્કર મારતા મોટર સાયકલ પર સવાર ભીખાભાઈ ધુળાભાઈ મીર અને રમેશભાઈ ઉકાભાઈ મીર બંને રહે, ધુલિયા કોટ, ડીસા વાળાઓ ટ્રકના તોતિંગ ટાયરો નીચે આવ્યા હતા.

જે બાદ રાહ ચાલતા રાહદારીઓએ ૧૦૮ મોબાઈલને જાણ કરતા આ બંનેને ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે લાવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે ભીખાભાઈ મીર નામના ઈસમને મૃત જાહેર કર્યો હતો. જ્યારે તેની સાથેના અન્ય ઈસમ રમેશભાઈ મીરને માથા તેમજ અન્ય અંગો પર ગંભીર ઈજાઓ હોઈ વધુ સારવાર અર્થે પાલનપુર ખાતે લઈ જવાયેલ છે. રેતી કામમાં વપરાતી આ ટ્રકનો ચાલક અકસ્માત કરી નાસી છૂટ્યો હતો. આ મામલે ડીસા દક્ષિણ પોલીસે સોનાભાઈ લાલભાઈ મીરની ફરિયાદ આધારે ગુનો દાખલ કરી ભાગેડુ ટ્રક ચાલકને ઝડપી પાડવા તપાસ હાથ ધરેલ છે.

# ખેડબ્રહ્મામામાં ભગવાનની રથયાત્રાને લઈ શહેરમાં ઉમંગનો માહોલ

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્મા શહેરમાં અષાઢી બીજના દિવસે નીકળતી રથયાત્રા તેના નિયત માર્ગો ઉપર ફરશે. આયોજકો દ્વારા રથયાત્રાની તડામાર તૈયારીઓ પુરી કરવામાં આવી છે. રથયાત્રા દરમિયાન કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા પરંપરાગત ભગવાન જગન્નાથની રથયાત્રા સવારે ૮.૩૦ કલાકે નિકળશે. જે રાધાકૃષ્ણ મંદિરમાંથી નીકળી જૂની પોસ્ટ ઓફિસ, પટેલ ફળી બ્રહ્માજી ચોક, બસસ્ટેન્ડ, હનુમાન મંદિર, કાશી વિશ્વનાથ મંદિર, શ્રી શ્રીયા દેવીચોક થઈ મોદી હસમુખલાલ તુલસીદાસના નિવાસસ્થાને વિસામો કરશે. વિસામા દરમિયાન ભગવાનની પૂજા અર્ચના આરતી થશે તથા ભગવાનનું મામેરૂ ભરવામાં આવશે. વિસામા બાદ રથયાત્રા મોડી સાંજે નીજ મંદિરમાં પરત ફરશે. રથયાત્રાના માર્ગો પર ભાવિક ભક્તો દ્વારા ભગવાનનું સ્વાગત કરવામાં આવ્યું છે. રથયાત્રા દરમિયાન એક સી.પી.આઈ., એક પી.એસ.આઈ., ૪૦ પોલીસ જવાન, ૪૦ હોમગાર્ડ તહેનાત રહેશે. રથયાત્રાને લઈને શહેરમાં ઉમંગનું વાતાવરણ ઉભું થયું છે.

# પ્રાંતિજમાં ૭ વર્ષના બાળકનું વિજ કરંટ લાગતા કરૂણ મોત

પ્રાંતિજ, તા.૯

સાબરકાંઠા જલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ રેલવે સ્ટેશન વિસ્તારમાં ભાખરીયા ટેકરા ઉપર આવેલ રહેઠાણ વિસ્તારમાં દેવીપૂજક પરિવારના ૭ વર્ષના બાળકનું ઘર આંગણે રમતા રમતા કરંટ લાગતા બાળકનું ઘટનાસ્થળે કરૂણ મોત થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજના ભાખરીયા ટેકરા ઉપર આવેલ દેવી પૂજક ફળીયામાં બપોરના ૨.૩૦ વાગ્યે પોતાના ઘરની આગળ આઝાદ કાન્તિભાઈ વાઘેલા પોતે બીજા બાળકો સાથે રમતો હતો જયારે બાજુમાં આવેલ નીચાણવાળા વિસ્તારમાં મકાનમાં પતરા ઉપર અડી જતાં તેને કરંટ આવતા તે પોતે પતરા ઉપર જ પડયો અને બીજા છોકરાઓએ બુમાબુમ કરતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા જયારે લોકો આવે તે પહેલા જ આઝાદ પોતે પોતાનો જીવ બચાવી શકયો નહોતો. તેનું વિજ કરંટ લાગતા જ ઘટના સ્થળ ઉપર જ મોત થયું હતું. જયારે દોડી આવેલ લોકોએ ઘર માલિક તથા ઉત્તર ગુજરાત વિજ કંપની પ્રાંતિજ ખાતે જાણ કરતા ઓફિસના સ્ટાફ દ્વારા ચેકીંગ કરાતા જીઈબીના વાયરો સહી સલામત હોવાનું તેમજ ઘરના વાયરીંગમાં ભુલ હોવાનું જણાવ્યું હતું. જયારે સ્થાનિકો પણ મકાન માલિકનો વાંક કાઢતા હતા પરંતુ જે હોય તે દેવિપૂજક લક્ષ્મણભાઈએ તેમનો ૭ વર્ષનો બાળક ગુમાવ્યો હતો કોની લાપરવાહીએ ભોગ લીધો એ તો પોલીસ તપાસમાં વધુ વિગત બહાર આવશે ત્યારે ખબર પડશે.

## પ્રાંતિજના સોનાસણ ગામે સ્કાઉટ ગાઈડની બેઠક યોજાઈ

પ્રાંતિજ, તા. ૯

પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામની કેળવણી મંડળ હાઈસ્કૂલમાં સ્કાઉટ ગાઈડની સાધારણ સભા મંત્રી પરબતભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

આ સાધારણ સભામાં માજી મંત્રી જયસિંહ ચૌહાણ, ગુજરાત સ્કાઉટ ગાઈડ ગુજરાતના કમિશનર અતુલભાઈ દિક્ષિત, જિલ્લા આરોગ્ય અધિકારી ફેન્સી, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. નાયક, હર્ષદ રાવલ, સી.કે. પટેલ, મનીષ પટેલ વગેરે આગેવાનો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સ્કાઉટ ગાઈડની વાર્ષિક સેવાકીય પ્રવૃત્તિઓની સરાહના કરી હતી. સાધારણ સભા દરમિયાન સભ્યો દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ, સર્વરોગ નિદાન કેમ્પ તેમજ પ્રદર્શન અને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ખેડબ્રહ્મામાં ૨૦ માઈક્રોનથી પાતળી પ્લાસ્ટીકની કોથળીનું ધૂમ વેચાણ

ખેડબ્રહ્મા, તા.૯

ખેડબ્રહ્મા શહેર સહિતના આસપાસના વિસ્તારમાં વિવિધ દુકાનો તેમજ લારીઓ પર ખુલ્લેઆમ ૨૦ માઈક્રોનથી ઓછી ગુણવત્તા ધરાવતી પ્લાસ્ટીકની થેલીનું ધૂમ વેચાણ થઈ રહ્યું હોવાની બુમરાણ ઉઠવા પામી છે.

ખેડબ્રહ્મા શહેરમાં દિન પ્રતિદિન પ્લાસ્ટીકની કોથળીઓનો વપરાશ વધીરહ્યો છે. ૨૦ માઈક્રોનથી પાતળી થેલીઓ પર સરકારે પ્રતિબંધ લગાવ્યો છે. તેમ છતાં લોકો ખુલ્લે આમ ૨૦ માઈક્રોન થી ઓછી ગુણવત્તા ધરાવતી પ્લાસ્ટીકની કોથળીઓનું વેચાણ કરી સરકારના જાહેરનામાનો ખુલ્લેઆમ ભંગ કરી રહ્યા છે. આ બાબતે નગરપાલિકા ના ચીફ ઓફિસર સેનેટરી ઈન્સ્પેકટર દ્વારા તપાસ કરી બંધ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# પાલનપુરની કેટલાંક આંગણવાડી કેન્દ્રો રામભરોસે ચાલતા હોવાની રાવ

## સુખબાગરોડના કેન્દ્રમાં કુતરાના ઉપદ્રવને પગલે ભુલકાંઓની સલામતીને લઈને વાલીઓ બન્યા ચિંતાતુર

પાલનપુર, તા. ૯

સુખબાગરોડ કેન્દ્રમાં કુતરાના ઉપદ્રવ સામે વાલીઓ પાલનપુર શહેરમાં આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી સંચાલિકાઓ સહિત તેડાંગર બહેનોની અનિયમિતતા વચ્ચે શહેરના સુખબાગરોડ પર આવેલા આંગણવાડી કેન્દ્રમાં પાલતુ કુતરાના ઉપદ્રવથી વાલીઓની ચિંતામાં વધારો થયો હોવાની રાવ ઉઠી છે.

પાલનપુર શહેરના સુખબાગ રોડના આંગણવાડી કેન્દ્રની ખસ્તા હાલત વચ્ચે આ કેન્દ્રમાં પાલતુ કુતરાના ઉપદ્રવને પગલે કેન્દ્રમાં આવતા બાળકોની સલામતીને લઈને તેમના વાલીઓની ચિંતાતુર જોવા મળે છે. શિક્ષાણ પાછળ સરકાર કરોડો રૂપિયા ખર્ચે છે. તેમ છતાં આ આંગણવાડી કેન્દ્ર રહેણાંક મકાનમાં ચાલે છે. જે રહેણાંક મકાનમાં પાલતુ કુતરો છે. જે કુતરાને પગલે આંગણવાડી કેન્દ્રમાં આવતા ભુલકાંઓ પણ ગભરાય છે. રહેણાંક મકાનમાં ચાલતા આંગણવાડી કેન્દ્રમાં બાંધેલો કુતરો અચાનક ભસતા માસુમ બાળકો ભયભીત બની જઈ કાગારોળ મચાવતા હોવાની બુમરાણ મચી છે. ત્યારે આ અંગે અવાર-નવાર વાલીઓએ કરેલી મૌખિક રજુઆતો બહેરા કાને અથડાઈને પરત ફરતા આંગણવાડીમાં જતા નાનાં ભુલકાંઓને લઈને તેમના વાલીઓ ચિંતિત બન્યા છે.

આ ઉપરાંત શહેરના પશ્રિમ વિભાગની કેટલાક આંગણવાડી કેન્દ્રો રામભરોસે ચાલી રહયા હોવાની બુમરાણ પણ મચી છે. આમ છતાં ભેંટ-સોગાદોની લ્હાયમાં સુપરવાઈઝરો સહિતના પ્રશાસન ધ્વારા તેઓને છાવરતા સબ સલામત હે ની ગુલબાંગો પોકારવામાં આવી હોવાની રાડ ઉઠી છે.

# પાલનપુર નગરપાલિકાનો વિસ્તાર ગંદકીમાં ગરકાવ

પાલનપુર, તા.૯

પાલનપુર નગરપાલિકા સંપૂર્ણ બહુમતિના આધારે ભાજપશાસિત પાલિકા છે. જેમાં અઢી વર્ષ પૂર્ણ કરી પાલિકા પ્રમુખ હર્ષાબેન મહેશ્વરીની જગ્યાએ હસમુખ પઢિયારે નવિન પ્રમુખનો ચાર્જ સંભાળેલ છે તેમજ પાલિકા કમિટીઓની પણ નવિન બોડી બનાવેલ જેમાં સેનીટેશન કારણે પ્રમુખનો નવિન તાજ કાંટાવાળો તાજ બનાવી નાખ્યો છે. શહેરના કોઈક વિસ્તારો ગંદકીના કારણે નર્કાગારમાં ફેરવાયા છે.

પાલનપુર પાલકાના સેનીટેશન વિભાગમાં શહેરની સફાઈ અંતર્ગત મોટી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. શહેરને સુંદર ચોખ્ખું રાખવા માટે પણ સેનીટેશન રેલવેસ્ટેશન વિસ્તારનું મોટુ નાળુ સાફ કરવાનું નાટક રચીને સફાઈના બીલો પાસ કરાવી નાખ્યા છે જયારે નાળામાં ગંદકી યથાવત છે જયારે શહેરના વિસ્તારોમાં નિયમિત સફાઈ ન કરવામાં આવતાં આગામી પવિત્ર તહેવારોના આગમન ટાણે જ ગંદકીમાં નગરજનો ત્રસ્ત બન્યા છે. જે સેનીટેશન વિભાગમાં કુલ ૨૯ સફાઈ કામદારો હોવા છતાં પણ નગરના વિસ્તારો ગંદકીમાં ગરકાવ થવા પામ્યા છે. સફાઈ કામદારો પણ મનસ્વી રીતે કામ કરી રહ્યા છે. કોઈ પણ જાતનું મોનીટરીંગ કરવામાં આવતું નથી.

પ્રમુખ-ઉપપ્રમુખ કે જેઓ પણ અનુભવી છે સફાઈના કામ બાબતમાં પણ તેઓ મૌન સેવીને સેનીટેશનને છાવરી રહ્યા છે. સેનીટેશનના પાયે પાલિકાના વકીલ-નગરસેવીકાને પણ પ્રજાના રોષનો ભોગ બનવું પડયું હતું. બીજા નગર સેવકો પણ પ્રજાના રોષનો ભોગ બને તે પહેલા પ્રમુખ-ઉપપ્રમુખ જાગે તેવી માંગ ઉઠવા પામી છે.

# ઊંઝામાં ગોડાઉનમાંથી સાડા છ લાખની કિંમતની ૧૦૧ જીરૂની બોરી તસ્કરો લઈ પલાયન

ઊંઝા, તા. ૯

ઊંઝા ખાતે હાઈવે પર આવેલ જી.ઓ.એમ. કંપનીના માલ ગોડાઉનમાંથી રાત્રીના સમયે કોઈ તસ્કરોએ ગોડાઉનનો હડો કાપી તાળુ તોડીને અંદરથી રૂપીયા ૬,૬૬,૬૦૦ની કિંમતની મત્તાની ૧૦૧ જરૂ ભરેલી બોરીઓની ઉઠાંતરી કરી હોવાનો બનાવ બનેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર એચ.ડી.એફ.સી. બેન્કના માલ તારણમાં જીરૂ વરિયાળી, ઈસબગુલનો માલ ગોડાઉનોમાં ભરાય છે. આ ગોડાઉનમાં ભરેલ આ માલની દેખરેખ રાખવા માટે જી.ઓ.એમ. કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે. ઊંઝા નજીક હાઈવે પર પૃથ્વી ગાર્ડન પાસે ગોડાઉન નં. ૧૩ આવેલ છે. જેમાં ખેડૂતો અને વેપારીઓના માલો સંગ્રહાયેલ છે. આ માલ ગોડાઉનમાં જીરૂની ૬૨૫ બોરી, ઈસબગુલની ૪૮૦ બોરી રાખવામાં આવી હતી. દરમિયાન ગત તા. ૬ થી ૮ જુલાઈ દરમ્યાન રાત્રીના સમયે કોઈ તસ્કરો આ ગોડાઉન પર આવ્યા હતા. તસ્કરોએ ગોડાઉનનો હડો કાપી તાળુ તોડી ગોડાઉનમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ અંદરથી જીરાની ૧૦૧ બોરી જેની કિંમત રૂ. ૬,૬૬,૬૦૦ ની થવા જાય છે. તેની ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા. આ અંગે કંપનીના કર્મચારીની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે. છેલ્લા કેટલાક વખતથી ઊંઝા વિસ્તારમાંથી જીરા ચોરીના વધતા જતા બનાવોને લઈને લોકોમાં તરેહતરેહની વાતોએ ચર્ચા પકડી છે.

# ગોઢ ગામે પાણીની મોટર બળી જતા ૧૫ દિવસથી ગ્રામજનો વલખા મારી રહ્યા છે

## ગ્રામજનોએ આજે તાલુકા પંચાયત અને મામલતદારને આવેદનપત્ર આપ્યું

દાંતીવાડા, તા.૯

દાંતીવાડા તાલુકાના ગોઢ ગામે પીવાના પાણીના બોરની મોટર છેલ્લા પંદર દિવસથી બંધ હાલતમાં પડી છે. પરિણામે ગ્રામજનોએ ભેગા મળી ગ્રામ પંચાયતને રજુઆત કરવા છતા આજ દીન સુધી છેલ્લા પંદર દિવસથી કોઈ ઘટતી કાર્યવાહી ન થતા નગરજનોએ અંતે તાલુકા પંચાયત અને મામલતદાર કચેરીએ ઉગ્ર રજૂઆત કરી સત્વરે પીવાના પાણીની મોટર રીપેર કરાવવા માંગણી કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડા તાલુકાના ગોઢ ગામમાં છેલ્લા પંદર દિવસથી ગામના પીવાના પાણીના બોરની મોટર બળી ગઈ છે. જેના લીધે ગામના લોકોને પીવાના પાણીની ખુબ જ મુશ્કેલી વેઠવી પડી રહી છે જે બાબતની જાણ ગ્રામજનો દ્વારા ગ્રામ પંચાયતને કરવામાં આવતા બોરમાંથી મોટરને કાઢીને અઠવાડીયાથી મુકી રાખવામાં આવી છે અને આની જાણ પ્રજાજનો દ્વારા ગામના સરપંચને કરવામાં આવી હતી. બાદમાં ગામના લોકો બે દિવસ સુધી રાહ જોતા રહ્યા હતા. છતાં મોટર રીપેર ના થતા અંતે આજે ગ્રામજનોએ તાલુકા પંચાયત કચેરીમાં પાણીના માટલા ફોડયા હતા. અને સાથે સાથે તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારને લેખિતમાં અરજી આપી ઉગ્ર રજુઆત કરી હતી અને સત્વરે ગામનો બોર ચાલુ કરાવવા માંગણી કરી છે.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| તલોદ | | |
|---|---|---|
| મગફળી | ૪૭૨ | ૮૯૮ |
| અરંડા | ૬૯૨ | ૭૧૧ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૯ |
| બાજરી | ૨૪૫ | ૨૮૮ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૫૧ |
| ડાંગર જ્યા | ૨૫૦ | ૨૯૬ |

| સલાલ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| મગફળી | ૬૦૦ | ૮૮૦ |
| બાજરી | ૨૧૦ | ૨૬૫ |
| ડાંગર જ્યા | ૨૮૦ | ૩૨૦ |
| ડાંગર ગુજ | ૩૦૦ | ૩૪૦ |

| પ્રાંતિજ | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૯૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૧૦ | ૨૭૦ |
| ડાંગર ગુજ | ૩૦૦ | ૩૪૦ |
| ડાંગર જ્યા | ૨૮૦ | ૩૨૧ |

| ધનસુરા | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૯૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૫૦ |
| બાજરી | ૨૨૦ | ૨૫૫ |
| ગવાર | ૯૦૦ | ૧૩૬૦ |

| ખેડબ્રહ્મા | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૫ | ૩૨૫ |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૬૩ |
| મકાઈ | ૨૭૫ | ૨૮૨ |
| એરંડા | ૬૯૪ | ૭૦૦ |
| મગફળી | ૬૦૦ | ૭૨૧ |
| મગ | ૬૦૦ | ૮૦૦ |

| મોડાસા | | |
|---|---|---|
| રાયડો | ૫૨૫ | ૫૫૫ |
| એરંડા | ૬૯૦ | ૭૧૦ |
| બાજરી | ૨૩૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૭૦ | ૩૩૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૩ |
| મગફળી | ૫૫૦ | ૮૬૬ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૨૦ |
| ચણા | ૫૩૦ | ૫૭૦ |
| જુવાર | ૩૭૫ | ૩૮૧ |
| મગ | ૬૫૦ | ૭૬૫ |

| ટીંટોઈ | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૬ |
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૯ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૨ |
| મગ | ૫૦૦ | ૮૭૦ |
| મગફળી | ૭૦૦ | ૮૩૬ |
| રાયડો | ૫૫૦ | ૫૬૬ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૯૦ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | ૨૫૧ | ૨૮૭ |
| ઘઉં | ૩૦૫ | ૩૧૬ |
| ડાંગર | ૨૯૦ | ૩૦૦ |
| એરંડા | ૭૦૧ | ૭૦૭ |
| ગવાર | ૧૨૬૮ | ૧૩૨૧ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૫ | ૬૬૫ |
| જુવાર | ૩૫૦ | ૩૮૭ |
| રાયડો | ૫૪૦ | ૫૯૦ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૫૦ | ૨૮૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૧૫ |
| ડાંગર | ૨૮૫ | ૨૯૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૫ |
| ગવાર | ૧૨૬૦ | ૧૩૧૫ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૦ |
| તુવેર | ૫૩૦ | ૬૬૦ |
| જુવાર | ૩૪૦ | ૩૮૫ |
| રાયડો | ૫૩૦ | ૫૮૦ |

| હિંમતનગર | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૯૧ |
| એરંડા | ૭૦૧ | ૭૦૯ |
| મગ | ૬૫૦ | ૧૦૦૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૬ |
| બાજરી | ૨૪૫ | ૨૭૪ |
| મકાઈ | ૨૪૫ | ૩૦૦ |
| ચણા | ૫૬૦ | ૬૦૦ |
| અડદ | ૫૪૦ | ૪૮૬ |
| ગવાર | ૧૧૫૧ | ૧૩૫૭ |

| ઈડર | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૭૫ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૦ |
| એરંડા | ૬૮૦ | ૬૯૧ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |
| મગફળી | ૫૩૦ | ૮૮૦ |
| તલ | ૧૨૦૦ | ૧૮૫૦ |
| ગવાર | ૯૫૦ | ૧૩૩૦ |

| કડી | | |
|---|---|---|
| સવા | ૬૨૩ | ૬૯૬ |
| ઘઉં | ૨૯૬ | ૩૪૬ |
| જુવાર | ૩૩૦ | ૪૧૩ |
| બાજરી | ૨૩૦ | ૨૬૮ |
| જવ | ૨૪૮ | - |
| મઠ | ૧૪૧૬ | - |
| ગવાર | ૧૧૨૦ | ૧૩૫૪ |
| એરંડા | ૬૮૮ | ૬૯૩ |
| રાયડો | ૫૯૫ | - |
| જીરૂ | ૨૦૦૦ | ૨૬૫૧ |

| પાલનપુર | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૫૧ |
| બાજરી | ૨૨૦ | ૨૮૨ |
| એરંડા | ૬૭૮ | ૬૯૨ |
| રાયડો | ૫૯૭ | ૬૧૩ |
| રાજગરો | ૧૧૭૬ | ૧૨૭૫ |
| જુવાર | ૫૯૦ | ૬૩૯ |
| ગવાર | ૧૦૧૨ | ૧૩૫૧ |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| મેથી | ૫૬૧ | - |
| રાજગરો | ૧૧૪૦ | ૧૨૩૧ |
| વરીયાળી | ૧૩૧૪ | - |
| તલ | ૧૮૩૦ | - |
| રાયડો | ૫૮૦ | ૬૧૮ |
| એરંડા | ૬૮૧ | ૭૧૦ |
| ગવાર | ૯૦૦ | ૧૪૪૨ |
| ઘઉં | ૨૭૦ | ૩૭૪ |
| બાજરી | ૧૯૦ | ૨૯૭ |
| જુવાર | ૩૧૩ | ૬૧૩ |
| સવા | ૬૭૦ | - |

| વિસનગર | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૮ | ૩૫૮ |
| બાજરી | ૨૩૦ | ૩૦૭ |
| રાયડો | ૫૫૫ | ૬૨૦ |
| એરંડા | ૬૬૫ | ૭૧૦ |
| જુવાર | ૨૦૦ | ૫૯૦ |
| તલ | ૧૮૫૦ | - |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૧૩ |
| રજકાના બી | ૧૫૦૦ | ૨૩૦૦ |

| મહેસાણા | | |
|---|---|---|
| જુવાર | ૩૪૫ | ૩૮૧ |
| ઘઉં | ૨૯૫ | ૩૬૫ |
| જીરૂ | ૧૯૯૦ | ૨૪૮૩ |
| રાયડો | ૫૦૧ | ૬૦૩ |
| મેથી | ૫૧૦ | - |
| સવા | ૪૦૦ | ૬૭૬ |
| બાજરી | ૨૩૮ | ૨૮૩ |
| એરંડા | ૬૭૦ | ૬૯૭ |
| અજમો | ૫૦૦ | ૧૦૬૦ |
| ગવાર | ૧૦૮૧ | ૧૩૨૦ |
| બંટી | ૩૭૫ | ૩૮૨ |
| રજકાબી | ૧૧૩૦ | ૨૬૮૧ |

| આંબલીયાસણ | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૩૫ |
| બાજરી | ૨૦૫ | ૨૭૦ |
| રાયડો | ૫૯૮ | - |
| એરંડા | ૬૮૪ | ૬૯૦ |
| ગવાર | ૧૦૦૧ | ૧૩૭૭ |
| જુવાર | ૨૦૦ | ૩૬૦ |

| જોટાણ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| એરંડા | ૬૮૫ | ૬૯૧ |
| બાજરી | ૨૦૬ | ૨૩૫ |
| ગવાર | ૧૦૫૦ | ૧૨૫૭ |

| હારીજ | | |
|---|---|---|
| મેથી | ૫૨૫ | - |
| ઈસબગુલ | ૧૦૬૦ | - |
| રાયડો | ૫૯૬ | ૬૧૭ |
| એરંડા | ૬૬૫ | ૬૯૨ |
| સાસટો | ૩૦૦ | ૩૬૦ |
| બાજરી | ૨૦૦ | ૨૫૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૭૦ |
| ગવાર | ૧૦૯૦ | ૧૩૨૦ |
| જવ | ૨૨૩ | - |
| ચણા | ૫૩૦ | ૬૧૦ |
| જીરૂ | ૨૨૦૦ | ૨૫૮૦ |
| સવા | ૬૫૦ | ૭૦૦ |
| બંટી | ૩૬૧ | - |

| કલોલ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૫૫ |
| એરંડા | ૬૮૧ | ૬૯૫ |
| બાજરી | ૨૧૦ | ૨૭૫ |
| રાયડો | ૫૮૬ | ૫૯૫ |
| ડાંગર | ૨૫૫ | ૩૬૫ |
| ગવાર | ૧૧૩૦ | ૧૩૪૪ |
| જુવાર | ૩૨૦ | ૫૦૦ |

| બાયડ | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૦ |
| બાજરી | ૨૨૦ | ૨૬૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૦૦ |

| પાટણ | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૯૦ | ૨૪૫૫ |
| વરીયાળી | ૭૨૫ | ૧૨૭૧ |
| બંટી | ૩૫૦ | ૩૮૮ |
| રાયડો | ૫૫૦ | ૬૨૫ |
| એરંડા | ૬૬૦ | ૭૧૪ |
| ઘઉં | ૨૯૦ | ૩૮૪ |
| જુવાર | ૨૮૦ | ૩૬૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૮ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૬૬ |
| મેથી | ૪૯૯ | - |
| સવા | ૬૩૫ | ૭૧૧ |

| ઉંઝા | | |
|---|---|---|
| અસાળીયો | ૬૮૫ | - |
| જીરૂ | ૨૧૦૦ | ૨૪૩૦ |
| વરીયાળી | ૯૦૦ | ૨૦૫૧ |
| ઈસબગુલ | ૧૨૩૧ | ૧૪૨૧ |
| સરસવ | ૬૦૪ | ૬૮૫ |
| રાયડો | ૫૮૫ | ૬૬૫ |
| તલ | ૧૮૦૦ | ૨૨૩૫ |


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601